।। श्रीकृष्णाय नमः ।। ।। श्रीवल्लभाधीशो जयति ।। ।। श्रीगोपीनाथो जयति ।। ।। जयति श्रीविट्ठलेश्वरः ।।

पुष्टिसंस्कार

જુલાઇ – ૨૦૨૬

વર્ષ – ૧૭ । અંક – ૦૪ । સળંગ અંક – ૧૯૬

જેઠ–અષાઢ–શ્રાવણ/વિક્રમ સંવત્ ૨૦૮૩



❖ નિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામ ❖ પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન ❖ પુષ્ટિસંસ્કાર પાઠશાલા ❖ પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ❖
❖ પુષ્ટિબાલવાટીકા ❖ પુષ્ટિસંસ્કાર સ્કૂલ ❖ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ ❖ શ્રીવલ્લભગોશાલા ❖ પુષ્ટિસંસ્કાર પરિવાર ❖






❋ **પ્રેરક**

નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રી

(મોટી હવેલી - જૂનાગઢ)

❋ **પથદર્શક**

શ્રીયૂષકુમારજી (શ્રીવ્રજેન્દ્રજી) મહારાજશ્રી

(મોટી હવેલી - જૂનાગઢ)

❋ **પ્રકાશક**

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન

મોટી હવેલી,પંચહાટડી ચોક,

જૂનાગઢ-૩૬૨૦૦૧. ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦

૯૦૬૬૬૪૩૬૬૦

❋ **મુદ્રક**

મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

પ્રતિ અંક ₹ ૨૦/-

● પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.

● 'પુષ્ટિસંસ્કાર'નો અંક દરેક મહિનાની ૧ તારીખે રવાના કરવામાં આવે છે. જે-તે મહિનાની ૧૫ તારીખ સુધીમાં અંક ન મળે તો નામ, ગ્રાહક નંબર સાથે '**શ્રીપુષ્ટિસંસ્કાર કાર્યાલય**' પર જાણ કરવી. ફોન : ૦૨૮૫-૨૬૨૧૧૧૧

॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

પુષ્ટિસંસ્કાર

અનુક્રમણિકા


૦૪	પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ
૦૭	શ્રીમદ્ ભગવદ્ગીતા
૦૯	શ્રીભાગવતાર્થપ્રકરણમ્
૧૨	જલભેદ
૧૬	પુષ્ટિચિન્તન
૧૮	શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્
૨૦	સર્વનિર્ણયપ્રકરણ
૨૨	ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ
૨૫	બાલવિભાગ
૨૭	પુષ્ટિસંસ્કારધામ
૩૩	પ્રવૃતિ સમાચાર
૩૪	વ્રતોત્સવ ટિપ્પણી

તંત્રી/સંપાદક : વિમલભાઈ ભટ્ટ,

પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ

વિવિધ સાધનોમાં શ્રેષ્ઠ શ્રીકૃષ્ણભક્તિનો માર્ગ

સંકલન : ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી



ગતાંકથી આગળ....

अधुना ह्यधिकारास्तु सर्व एव गताः कलौ ।
कृष्णश्चेत् सेव्यते भक्त्या कलिस्तस्य फलाय हि ।।

કલિકાલના દોષોને કારણે અન્ય સર્વમાર્ગના અધિકારો નષ્ટ થયા છે. પરન્તુ અધિકાર હોય કે ન હોય; જો કૃષ્ણની સેવા ભક્તિભાવથી કરવામાં આવે તો કલિકાલ પણ તેને અનુકૂલ થઈને ફલદાયી બને છે.

શાસ્ત્રોમાં વિવિધ સાધનોનો ઉપદેશ

સૃષ્ટિમાં અલગ અલગ પ્રકારના સ્વભાવ, રૂચિ અને વ્યવહાર વાળા મનુષ્યો છે. બધા જ મનુષ્યો એક જ પ્રકારે વિચારે અને જીવન જીવે તે સંભવ નથી અને તેવું આવશ્યક પણ નથી. તેથી જ ધર્મ શાસ્ત્રમાં પણ બધા જ મનુષ્યો એક જ માર્ગને અનુસરે તેવી આજ્ઞા આપવામાં આવી નથી. શાસ્ત્ર તો જીવોની વિવિધતાને ધ્યાનમાં રાખીને આત્મકલ્યાણના વિવિધ ઉપાયો બતાવે છે. તેથી શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે –

निर्विण्णानां ज्ञानयोगो ... कर्मयोगस्तु कामिनाम् ...
न निर्विण्णो नातिसक्तो भक्तियोगोस्य सिद्धिदः ।।

(શ્રીમદ્‌ભાગવત ૧૧/૨૦/૭,૮)

અર્થ: જેમનામાં વૈરાગ્ય છે તેમના માટે જ્ઞાનયોગ છે જેમને લૌકિક કામનાઓમાં આસક્તિ છે તેમની માટે કર્મયોગ છે અને જે ન તો અતિશય વૈરાગી છે કે ન તો અતિ કામનાવાળા તેમના માટે ભક્તિયોગ ફલદાયી છે.

એકમાર્ગનિષ્ઠા

આ રીતે વિવિધ માર્ગો વિવિધ સ્વભાવના જીવો માટે ઉપયોગી છે. તો શું એનો અર્થ એવો સમજવો કે એક વ્યક્તિએ બધા જ માર્ગો પર ચાલવું? ના, એવો અર્થ તો સર્વથા નથી. કેમકે જે બધા જ રસ્તાઓ પર ચાલવાનો પ્રયાસ કરે તે આમ તેમ ભટકતો રહે પરન્તુ પોતાના લક્ષ્ય પર પહોંચી ન શકે. તેથી શાસ્ત્રમાં ઉપદેશેલા બધા ઉપદેશો સર્વ માટે હોતા નથી. પરન્તુ જેણે જે માર્ગનો સ્વીકાર કર્યો હોય તે સમ્બન્ધી શાસ્ત્ર વિધાનો તેમ જ તેને અનુકૂલ પરમ્પરાઓ જ તેની માટે અનુસરણીય હોય છે.

જેમ –

– પ્રતિદિન વિદ્યાલય બદલતા રહેવાથી વિદ્યાપ્રાપ્તિ ન થાય.

– રાજમાર્ગ પર ચાલતા હોઇએ અને જે કોઇ આડ રસ્તો કે ગલી દેખાય તેમાં જતા આવતા રહીએ તો લક્ષ્ય સુધી ન પહોંચાય.

– આયુર્વેદ, હોમ્યોપેથી, એલોપેથી વગેરે

ના વિવિધ ઉપાયો મનકલ્પિત પ્રકારે અજમાવવાથી સ્વાસ્થ્ય પ્રાપ્ત ન થાય.

તે જ રીતે બધી જ સાધનાઓ અથવા વિવિધ દેવતાઓ, મન્ત્રો, વ્રતો વગેરેની ભેળસેળ કરીએ તો કશું જ સિદ્ધ ન થાય.

તેથી શાસ્ત્રમાં બતાવવામાં આવેલી વિવિધ સુવિચારિત સાધના પદ્ધતિઓમાંથી આપણા સ્વભાવ-રૂચિને જે અનુકૂલ હોય તે પદ્ધતિનો સ્વીકાર કરીને તેને નિષ્ઠાપૂર્વક અનુસરીએ તો જ અભીષ્ટ પરિણામ પ્રાપ્ત થાય.

હવે આપણને પ્રશ્ન થાય કે તો આપણે કયા એક માર્ગ પર આગળ વધવું જોઇએ?

પરમ કલ્યાણકારક શ્રીકૃષ્ણભક્તિનો માર્ગ

આવો જ પ્રશ્ન શ્રીવલ્લભાચાર્યજીને પુરૂષોત્તમ જોશીએ કર્યો - 'મહારાજ ! આ કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો?'

ત્યારે શ્રીમહાપ્રભુજીએ ઉત્તર આપ્યો ' જેને જે રૂચે અને જે માર્ગ પર વિશ્વાસ હોય તેની માટે તે માર્ગ શ્રેષ્ઠ છે પરન્તુ ખરેખર સર્વશ્રેષ્ઠ તો ભક્તિમાર્ગ છે કે જેમાં જીવનો સરલતાથી ઉદ્ધાર થાય છે અને જીવ કૃતાર્થ થાય છે.'

ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વયં આજ્ઞા કરે છે કે -

समोहं सर्वभूतेषु न मे द्वेष्योस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ।।

(श्रीमद्भगवद्गीता ९/२९)

અર્થ: સર્વ જીવોમાં હું સમાન છું, ન તો કોઇ મને અપ્રિય છે કે ન તો પ્રિય. તેમ છતાં જે મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેમનામાં છું.

પ્રભુએ નારદજીને પણ જણાવ્યું છે -

मद्भक्ताः यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ।

અર્થ: હે નારદજી ! જ્યાં મારા ભક્તો મારા ગુણગાન ગાય છે ત્યાં હું રહું છું.

આ રીતે શ્રીકૃષ્ણભક્તિનો માર્ગ સદા સર્વ માટે પરમ કલ્યાણકારક છે.

તેથી જ ભક્ત કવિ દયારામભાઇ કહે છે-

સહુ બરાબર કૃષ્ણ છે; નથી કૃષ્ણ બરાબર કોય.
સાગર છોળ્યો ને દૃષ્ટાન્તે શાણા સમજી જોય,
સદા શ્રીકૃષ્ણને સેવો રે સમજી લ્યોને હવે સુધો સિદ્ધાન્ત

અર્થ: જડ-જીવ-દેવતા વગેરે સર્વ સૃષ્ટિની સમાન શ્રીકૃષ્ણ તો છે કેમકે આ બધું શ્રીકૃષ્ણમાંથી જ પ્રકટ થયું છે પરન્તુ શ્રીકૃષ્ણ ની તોલે આમાંથી કંઇપણ ન આવી શકે, જેમ સમુદ્રની તરંગો બરાબર સમુદ્ર તો હોય છે પણ સમુદ્રની સમાન તરંગો નથી હોઇ શકતી. તેથી સર્વ શાસ્ત્રોથી સિદ્ધ એવા સરલ સિદ્ધાન્તને સમજી લ્યો ને ! કે સદા શ્રીકૃષ્ણની સેવા તે જ પરમ કલ્યાણનો માર્ગ છે.

આ જ વાત દયારામભાઇ વૃક્ષના ઉદાહરણથી સમજાવે છે

જગત્ વૃક્ષ તેહનું મૂળ હરિ, મૂળ પોષે વૃક્ષ પોષાય;
પ્રતિ શાખા જલ સિંચિયે, તેથી તરૂવર તૃપ્તિ ન થાય.. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

જેમ વૃક્ષના મૂળમાં જલનું સિંચન કરવાથી સમ્પૂર્ણ વૃક્ષને પોષણ મળે છે, એક એક ડાળીએ જલ આપવાથી વૃક્ષને તૃપ્તિ નથી થતી. તે રીતે સમસ્ત સૃષ્ટિના મૂલ ભગવાન્ શ્રીકૃષ્ણનો આશ્રય અને ભક્તિ જ સૃષ્ટિનું મૂલભૂત તત્ત્વ છે.

વાર્તાપ્રસંગ : શ્રીકૃષ્ણભક્તિમાર્ગની સર્વોત્તમતા

શ્રીવલ્લભે ઉપદેશેલ શ્રીકૃષ્ણભક્તિમાર્ગની સર્વોત્તમતાનું વર્ણન કરતો એક વૈષ્ણવવાર્તા પ્રસંગ જોઇએ.

ગુજરાતમાં વડનગર ગામમાં દામોદર ઝા

નામના એક વિદ્વાન્ બ્રાહ્મણ રહેતા હતા. તે ગામમાં વૈષ્ણવો થોડાક જ હતા અને દામોદર ઝા તે વૈષ્ણવોનો તિરસ્કાર કરતા અને કહેતા 'તમારો માર્ગ વેદથી પ્રમાણિત નથી.' વૈષ્ણવોમાં કોઇ એવું ન હતું કે જે શાસ્ત્રાર્થ કરીને તેને નિરૂત્તર કરી શકે તેથી તે વૈષ્ણવો અકળાતા.

એક વખત વડનગરના તે વૈષ્ણવો ગોકુલ આવ્યા. ત્યારે શ્રીગુસાંઇજીને વિનન્તિ કરી,'મહારાજ ! વડનગરમાં એક દામોદર ઝા નામનો બ્રાહ્મણ છે. તે વૈષ્ણવોનો તિરસ્કાર કરે છે અને વૈષ્ણવમાર્ગ અપ્રામાણિક છે તેવું કહે છે તો તેને ઉત્તર આપવો જોઇએ.'

થોડાક સમય પછી શ્રીગુસાંઇજી દ્વારિકાથી પાછા ફરતી વખતે વડનગર પધાર્યા અને એક વૈષ્ણવને ત્યાં મુકામ કર્યો અને કહ્યું, ' અહીં કોણ કહે છે કે અમારો માર્ગ વેદમૂલક નથી ? આ માર્ગ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ પ્રકટ કર્યો છે તે સર્વોપરિ છે. જેના મનમાં સન્દેહ હોય તે આવીને અમારી સાથે ચર્ચા કરે.'

ત્યારે દામોદર ઝા ને આગળ કરીને બધા પંડિતો આવ્યા. ચર્ચા થઇ અને વાદમાં સર્વ પંડિતો નિરૂત્તર થઇને શ્રીગુસાંઇજીને પ્રણામ કરીને પોતપોતાના ઘરે ગયા.

બીજે દિવસે દામોદર ઝા તો પાછા શ્રીગુસાંઇજી પાસે આવ્યા અને વિનન્તિ કરી 'મહારાજ ! મને સેવક કરો.' ત્યારે શ્રીગુસાંઇજી તો પરમ દયાલ છે. આપે કૃપા કરીને તેમને નામદીક્ષા આપી.

ત્યારે બીજા જે દામોદર ઝાના સંગીઓ હતા તેઓ કહેવા લાગ્યા,'અરે ! તમે આ શું કર્યું ? અમને બધાને તો તમારો જ ભરોસો હતો અને તમે તો વૈષ્ણવ થઇ ગયા.' ત્યારે દામોદર ઝા એ કહ્યું,' ભાઇ ! આટલા દહાડા તો કાંઇ જાણ્યું નહીં, કેવલ છિલકા જ કૂટ્યા. જે કાંઇ છે તે આ મારગ છે.'

આ રીતે શ્રીકૃષ્ણભક્તિનો માર્ગ સર્વ સાધનોમાં શ્રેષ્ઠતમ હોવાથી અવશ્ય જ અનુસરણીય છે.



શ્રીમદ્‌ભગવદ્‌ગીતા
અધ્યાય ૧૮

વિવેચનઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

अनुबन्धं क्षयं हिंसाम् अनवेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ।।२५।।

અનુબંધ, ક્ષય, હિંસા તથા પૌરૂષનો વિચાર કર્યા વિના મોહથી જે કર્મ આરંભાય છે તે તામસ કહેવાય છે.

અનુબંધ એટલે કર્મ કર્યા પછી તેનું પ્રાપ્ત થતું શુભ અથવા અશુભ ફલ. આવ અનુબંધ વિગેરેનો વિચાર કર્યા વિના મોહથી જે કર્મ આરંભાય તે તામસ. ૨૫.

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ।।२६।।

સંગથી રહિત, અહંકારરહિત, ધૃતિ અને ઉત્સાહવાળો સિદ્ધિ તથા અસિદ્ધિમાં વિકારરહિત કર્તા સાત્ત્વિક કહેવાય છે.

અહિંથી ત્રણ શ્લોકથી (૨૬-૨૮) સત્ત્વ વિગેરે ગુણોના ભેદથી ત્રણ પ્રકારના કર્તાનું નિરૂપણ કરે છે.

જે કર્તા સંગ એટલે આસક્તિ રહિત હોય, જેને 'હું કર્તા છું' એવું અભિમાન ન હોય; જે ધૃતિ તથા ઉત્સાહવાળો હોય, તથા કાર્યની સિદ્ધિ અસિદ્ધિમાં વિકારરહિત હોય તે સાત્ત્વિક કહેવાય છે. ૨૬.

रागी कर्मफलप्रेप्सुर् लुब्धो हिंसात्मकोऽशुचिः ।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ।।२७।।

રાગવાળો, કર્મફલની ઈચ્છાવાળો, લોભી, હિંસા કરનાર અપવિત્ર તથા હર્ષ અને શોકવાળો કર્તા રાજસ કહેવાય છે.

રાગ એટલે આસક્તિવાળો, ફલની ઇચ્છાવાળો, લોભી, હિંસા પરને પીડવારૂપ હિંસા કરનાર, અશુદ્ધ અપવિત્ર રહેનાર તથા કર્મનાં સારાં ફલથી હર્ષ અને અનિષ્ટ ફલથી શોક કરનાર કર્તા રાજસ છે.

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ।।२८।।

અયુક્ત, પ્રાકૃત, સ્તબ્ધ, શઠ, વંચક, આળસુ, શોક કરનાર તથા દીર્ઘસૂત્રી કર્તા તામસ કહેવાય છે.

અયુક્ત એટલે શાસ્ત્રીય કર્મ કરવાનો અધિકાર હોવા છતાં જે તેવાં કર્મ ન કરતો હોય તેવો, પ્રાકૃત એટલે હલકાં કર્મ અથવા વિકર્મ કરનાર, સ્તબ્ધ એટલે વિદ્યા નહિ જાણનાર અથવા કર્મના આરંભમાં જ શિથિલ , શઠ એટલે

અભિચાર વિગેરે કર્મમાં રૂચિવાળો, વંચક, આળસુ, વિષાદ કરનાર તથા કર્મમાં લંબાણ કરનાર કર્તા તામસ છે. ૨૮.

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ।।२९।।

હે ધનંજય ! ગુણને લીધે બુદ્ધિના તેમજ ધૃતિના ત્રણ પ્રકારના ભેદ સંપૂર્ણ રીતે જુદા જુદા કહું છું તે સાંભળ.

કર્મના ત્રણ પ્રકારના ભેદ કહ્યા (૨૬-૨૮) તેથી જ્ઞાતાના પણ ત્રણ પ્રકારના ભેદ કહેવાયા. કર્મના ત્રણ પ્રકારના ભેદ કહ્યા (૨૩-૨૫) તેથી જ્ઞેયના પણ ભેદ કહેવાયા. હવે કરણના ભેદ કહેવા માટે નિશ્ચયાત્મક બુદ્ધિના તથા ધૃતિના ત્રણ પ્રકારના ભેદ કહેવાની અહિં પ્રતિજ્ઞા કરે છે. પછી ત્રણ શ્લોકથી (૩૦-૩૨) બુદ્ધિના અને ત્રણ શ્લોકથી (૩૩-૩૫) ધૃતિના ભેદો કહે છે. ૨૯.

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ।।३०।।

હે પાર્થ ! પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય અને અકાર્ય, ભય અને અભય તથા બંધ અને મોક્ષને જે બુદ્ધિ જાણે છે તે સાત્ત્વિકી છે.

પ્રવૃત્તિ એટલે અભ્યુદયના સાધનરૂપ ધર્મ અને નિવૃત્તિ એટલે મોક્ષના સાધનરૂપ ધર્મ વિગેરે જે બુદ્ધિ યથાર્થ રીતે જાણે છે તે સાત્ત્વિકી છે. બુદ્ધિ મનથી પર હોવાથી તેને અહિં 'જાણનારી' કહેલી છે. ૩૦

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ।।३१।।

હે પાર્થ! જેનાથી ધર્મ અને અધર્મને તથા કાર્ય અને અકાર્યને ખોટી રીતે જાણે તે બુદ્ધિ રાજસી છે.

ધર્મ, અધર્મ, કાર્ય અને અકાર્યને જે બુદ્ધિથી માણસ યથાર્થ રીતે જાણતો નથી એટલે જેવાં તે વસ્તુતઃ છે તેવાં જાણતો નથી, પરંતુ બીજા પ્રકારનાં જાણે છે તે બુદ્ધિ રાજસી છે. ૩૧.

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी ।।३२।।

હે પાર્થ ! અજ્ઞાનથી વીંટાયેલી જે બુદ્ધિ અધર્મને ધર્મ અને સર્વ અર્થોને ઉલટા માને છે તે તામસી છે.

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ।।३३।।

હે પાથ! યોગથી અવ્યભિચારિણી જે ધૃતિથી મન, પ્રાણ તથા ઈન્દ્રિયોની ક્રિયાઓનું ધારણ કરે છે તે સાત્ત્વિકી ધૃતિ છે.

ધૃતિ એટલે દેહ વિગેરે ધારણ કરવાની ક્રિયા. સાત્ત્વિકી ધૃતિ કોને કહેવી તે અહિં કહેલું છે. ૩૩. (ક્રમશઃ)



મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત
તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત

શ્રીભાગવતાર્થપ્રકરણમ્

સ્કન્ધ પાંચમો : સ્થાન

અનુવાદકઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

નર-નારાયણ પૈકી એક નર; નિયમ (વિધિ) ને અનુસરનારા હોઇ તપરૂપ સાધનથી જ્ઞાનમાર્ગ પ્રમાણે મુક્તિ પ્રાપ્ત કરાવનારા છે. ત્યારે ભગવાન (નારાયણ)નાં ભજનનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય તો જાણવું કે મર્યાદામાર્ગમાં ઉપર કહેલ જ્ઞાનનો અધિકાર સ્ત્રીને નહિ હોવાથી, ભગવાનના ભજન વિના તેને મુક્તિ પ્રાપ્ત થતી નથી. પણ જો ભગવાનની સેવા કરવાથી મુક્તિ પ્રાપ્ત કરવામાં આવે તો ઘણાઓની પણ સાથે મુક્તિ થાય. શિશુપાલ વગેરે પેઠે ભગવાન ઉપર દ્વેષ રાખીને તમોગુણથી મુક્તિ પ્રાપ્ત કરવી હોય, તો એક જ પોતાની જ મુક્તિ તે સાધનથી પ્રાપ્ત કરી શકે, પણ તેના ઉપર આધાર રાખનારાઓની તેવાં સાધનથી મુક્તિ ન થાય. તેવી રીતે જ્ઞાનમાર્ગ પ્રમાણે મુક્તિ મેળવવામાં પણ એકની જ મુક્તિ થાય. તેથી એક (પુરૂષ)ને જ ઘરનો ત્યાગ કરવાનું કહેલ છે. ભજન કરી મુક્તિ મેળવવામાં તો ભજનમાં અડચણરૂપ હોય તેના જ ત્યાગ કરવાનો છે, ભજનમાં પણ મદદ કરનારનાં ત્યાગ કરવાનો નથી. તેથી નાભિ પોતાની પત્ની મેરૂદેવી સાથે બદરિકાશ્રમ ગયેલો. મેરૂદેવી ભજનમાં અડચણરૂપ ન હતી (૪૪-૪૫।।)

છતાં પણ મર્યાદામાર્ગમાં સ્ત્રીનો ત્યાગ કરવાની શાસ્ત્રની આજ્ઞા હોવાથી નાભિ સ્ત્રી સાથે બદરિકાશ્રમ ગયો તે યોગ્ય ન હતું, કારણ કે ''સ્ત્રીના સંગથી પુરૂષને જેવું દુઃખ થાય છે'' એ વાક્ય પ્રમાણે તેવા દુઃખદાયક સ્ત્રીના સમ્બન્ધને લીધે નાભિને પણ મુક્તિ પ્રાપ્ત થવાનો સમ્ભવ રહેતો નથી - એવી શંકા થાય, તો જાણવું કે અહીં નાભિની મુક્તિ વનમાં રહેલાના (વાનપ્રસ્થ આશ્રમના) પ્રકારે થવાનું કહેલ છે. નાભિ બદરિકાશ્રમ ગયો તે સુયાસ લઇ ગયો ન હતો, કારણ કે તે ત્યાં ગયો ત્યાં સુધી પણ સુયાસીના ગુણો તેણે પ્રકટ કર્યા ન હતા. આ ત્રીજો આશ્રમ તેણે ગ્રહણ કર્યો, તેથી તે ત્યાં પત્ની સાથે ગયેલો.

પ્રિયવ્રત ગુરૂની સેવાને મુખ્ય ગણતો હોવાથી તે બ્રહ્મચારી રહેવા ઇચ્છતો હતો, તેના પુત્ર આગ્નીધ્રે સ્પષ્ટ રીતે ગૃહસ્થાશ્રમ સાચવેલો અને તેને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલું છે. આ ત્રીજા નાભિએ ત્રીજા વાનપ્રસ્થઆશ્રમમાં રહી મુક્તિ પ્રાપ્ત કરી.

શંકા : નાભિએ સર્વનો ત્યાગ કરેલ ન હોવાથી તે વનમાં શા માટે ગયો? કારણ કે તેની

કામના પૂર્ણ કરવા પ્રકટ થયેલ ઋષભદેવનાં પણ ભજનથી તેમની કૃપાથી તેને ઘેર બેઠાં પણ મુક્તિ પ્રાપ્ત થાત. વળી ઘરનો ત્યાગ કરવો જરૂરી હોય તો પણ વનમાં તેણે ઋષભખદેવનું ભજન કેમ ન કર્યું? - એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે નાભિને ઋષભદેવ મારો પુત્ર છે એવું ભાન રહેતું પણ તે ભગવાન છે એવું ભાન થતું નહિ. તેથી તેનાથી ઋષભદેવનું ભજન થાત નહિ, કારણ કે મર્યાદામાર્ગમાં હરકોઇ પ્રકારના જ્ઞાનથી મુક્તિ થતી નથી. તેથી તે વનમાં ગયો અને ત્યાં નર-નારાયણની ઉપાસના કરી (૪૫।।-૪૮)

''નાભિના શુદ્ધ કર્મથી હરિ તેના પુત્ર થયા'' એમ જે ગદ્ય ૬માં કહેલું છે તે શુકનું વચન નથી, પરન્તુ તે લોકમાં બોલાતાં વચન કહેલ છે તેથી તે વચનથી ભક્તિશાસ્ત્રનો વિરોધ થતો નથી. લોકોએ શાસ્ત્રનું શ્રવણ કરેલ હોય તો પણ તેમને સર્વત્ર બહારની જ દૃષ્ટિ રહે છે. તેથી તેવી લૌકિકી (લોકની) દૃષ્ટિથી શાસ્ત્રનાં વચન ખોટાં થતાં નથી. લોકોમાં બ્રાહ્મણો વગેરેમાં શ્રદ્ધા વિનાની ભક્તિ હોવાથી તેમને જ્ઞાન થતું નથી. (તેથી તેમને બહારની જ દૃષ્ટિ રહે છે).

સર્વ કામની વૃદ્ધિ થાય તો તે માટે ઋષભદેવે એકસો પ્રકારે કામ કર્યો અથવા એકસો પુત્રો ઉત્પન્ન કર્યા. વંશ કામરૂપ છે અને કામ એકસો પ્રકારનો છે, તેથી ઋષભદેવે સર્વ પ્રકારના કામની વૃદ્ધિ થાય તે માટે તેટલા પુત્રો ઉત્પન્ન કર્યા (૪૯-૫૦)

મુક્તિ એક પ્રકારની છે, ગુણોને લીધે ભોગ નવ પ્રકારનો છે, સાધનભક્તિ પણ ગુણોને લીધે નવ પ્રકારની છે અને કર્મનાં ફલ એક્યાસી પ્રકારના છે. તેથી તે જુદા-જુદા ફલની કામના પણ એક, નવ-નવ તથા એક્યાસી પ્રકારની હોય, કામ એકંદર એકસો પ્રકારનો થાય છે. કર્મના ફળ એટલે કર્મમાર્ગથી પ્રાપ્ત કરવા ઇચ્છેલા પદાર્થોની કામના એક્યાશી પ્રકારની છે, કારણ કે નવ પ્રકારના કર્મ છે અને નવ પ્રકારના કર્તા છે. દરેક પ્રકારનો કર્તા નવ પ્રકારના કર્મો પૈકી દરેક કર્મના ફલની ઇચ્છા કરે, એટલે ૯×૯ =૮૧ પ્રકારના કર્મનાં ફલ થાય છે (૪૯-૫૦)

આ પ્રિયવ્રતના વંશની સૃષ્ટિ ઉલટા ક્રમથી પુરૂષાર્થ પ્રાપ્ત કરવાની કામનાવાળી હતી, કારણ કે આ વંશમાં આરંભમાં પ્રિયવ્રત થયો, તેને મોક્ષના ધર્મોમાં પ્રીતિ હતી, તેનો પુત્ર આગ્નીધ્રને કામમાં પ્રીતિ હતી, તેના પુત્ર નાભિને અને તેને યજ્ઞ કરાવનાર બ્રાહ્મણોને ભક્તિમાં (સાધનભક્તિ અથવા મર્યાદાભક્તિમાં) પ્રીતિ હતી, અને ઋષભદેવે ધર્મની મર્યાદાનું સ્થાપન કર્યું.

અહીં ચાર પુરૂષાર્થ પૈકી અર્થ પુરૂષાર્થ ન કહેતાં તેને બદલે ભક્તિ કહેલી છે, તેનું કારણ એવું છે કે જેમ અર્થ સર્વને સુખ આપનારો છે અને સર્વ પદાર્થો પ્રાપ્ત કરાવનારો છે, તેવી રીતે મર્યાદામાર્ગમાં ભક્તિ(મર્યાદાભક્તિ) સર્વને સુખ આપનારી અને સર્વ પદાર્થો પ્રાપ્ત કરાવનારી છે. તેથી એ પ્રમાણે અનુક્રમવાળી કથા છે, અને તેથી જ આ ચારે પુરૂષાર્થ ભગવાને જ સાચવેલા. ભગવાને એવી રીતે આ વંશના પુત્રોમાં જુદા-જુદા પુરૂષાર્થોની કામના સારી રીતે સમ્પૂર્ણ મૂકેલી, તેથી તેમની પ્રજા કામનારહિત હતી, અને ભગવાન જ તે પ્રજાનું રક્ષણ કરતા હતા (ગદ્ય ૧૮). (આકાશમાં ઉગેલાં પુષ્પ જેવો) જે પદાર્થ નથી જ તેની જેમ કોઇ માણસ કામના કરતો ન હતો, એ દૃષ્ટાન્તથી પ્રજા સમ્પૂર્ણ રીતે કામનારહિત હતી એમ જણાવેલું છે.

કર્મ જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગમાં ભગવાન ઉપરના સ્નેહરૂપ સ્વતન્ત્ર વેદના નિયમન (બન્ધન) વિનાની ભક્તિ; મોક્ષથી પણ અધિક શ્રેષ્ઠ છે. તે સ્વતન્ત્ર ભક્તિ તો રસની પેઠે માત્ર અનુભવથી જ પ્રાપ્ત થાય તેવી હોવાથી તેનો અનુભવ કરનાર પુષ્ટિમાર્ગીય ભક્તોને જ તે ઇષ્ટ છે, બીજાઓ તો તેનું સ્વરૂપ જ જાણતા ન હોવાથી તેમને તે ઇષ્ટ નથી (૫૧-૫૩।।)

અધ્યાય ૫ ; ઋષભદેવે કરેલ જ્ઞાનનું નિરૂપણઃ

ઋષભદેવના પુત્રોને જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા ન હતી, છતાં ઋષભદેવે પોતે તેમની પાસે જઇ પ્રજાના સાંભળતાં તેઓને જ્ઞાનનો ઉપદેશ કર્યો, કારણ કે કર્મમાર્ગ પ્રમાણે જેઓને કામ હોવાનું કહેલું છે, તેઓને સર્વ પ્રકારે જ્ઞાનનો ઉપદેશ કરવો જોઇએ. જો તેઓને તેવી રીતે જ્ઞાનનો ઉપદેશ કરવામાં ન આવે તો તેઓ જડ થાય, અજ્ઞાની રહે અને તેથી તેઓનો નાશ થાય. તેથી ઋષભદેવે પુત્રો પાસે જઇ (અ.૪।૧૯) તેઓને જ્ઞાનનો ઉપદેશ કર્યો (અ.૫।-૨૭). હરિએ પોતે પુરૂષાર્થ પ્રાપ્ત કરાવેલા હોય, ત્યારે તે પુરૂષાર્થ સચવાય તેવા સર્વ ઉપાયો પણ હરિ કરે છે, તેથી આ ઉપદેશમાં હરિ ઋષભદેવ પોતાના પુત્રોને સાધનોથી અહંકાર દૂર કરવાનો ઉપદેશ કરે છે (શ્લો.૧૦-૧૩). અહીં ઘણા વિષયો કહેલા હોવાથી કર્મમાં આસક્તિ રાખવી તે હાનિકારક હોવાનું જણાવેલ છે તે યોગ્ય છે. આ ઉપદેશનું તાત્પર્ય અહંકાર ન રાખવાનું છે તે દશમા શ્લોકથી આરંભી જણાવેલું છે. ત્યાર પછી સંસારમાં ભ્રમણ કરનારાને આ લોકમાં તથા પરલોકમાં જે દુઃખ થાય છે તેનું વર્ણન કરેલું છે. ઋષભદેવને અહંકાર ન હોવાથી આ દુઃખ લાગ્યું ન હતું (ગદ્ય ૨૯-૩૦). અહન્તા અને મમતાનો ત્યાગ એ જ મુખ્ય જ્ઞાનમાર્ગ છે. તે ભગવાન ઋષભદેવે આ ગદ્યોમાં જણાવ્યા પ્રમાણે આચરણ કરી લોકોને દેખાડ્યો. ત્યાર પછી ૩૨-૩૪ સુધીના ગદ્યથી તેમણે જે યોગમાર્ગનું આચરણ લોકોને એ માર્ગ દેખાડવા કર્યું, તે કહેલું છે. એવી રીતે તેમણે લોકોને સાંખ્ય અને યોગ એ બન્ને માર્ગો દેખાડ્યા, કારણ કે નિવૃત્તિમાર્ગનાં તે બન્ને સાધન છે. યોગ પણ નિવૃત્તિમાર્ગમાં સાધન હોવાથી છઠ્ઠા અધ્યાયમાં મનની કથા કહેશે (૫૩।।-૫૭)

યોગમાર્ગમાં સર્વનો ત્યાગ કરવાનો ન હોવાથી અહિં યોગમાર્ગ દેખાડવો યોગ્ય ન હતો - એવી શંકા થાય, તો જાણવું કે આ અધ્યાયમાં સાંખ્યમાર્ગ જ દર્શાવેલો છે. યોગ અને સાંખ્યમાં ભેદ ન હોવાથી સાંખ્યમાર્ગ દર્શાવેલો છે. આ સાંખ્યમાર્ગીય સંન્યાસ જ છે. યોગનું આચરણ તો સાંખ્યમાં અને યોગમાં ભેદ ન હોવાથી ઋષભદેવે કરેલું છે. અને ભગવાન શ્રીકૃષ્ણ પણ ''સાંખ્ય અને યોગ જુદા હોવાનું અલ્પબુદ્ધિવાળા લોકો કહે છે, પંડિતો કહેતા નથી'' (ભગ.ગીતા ૫।૪) વગેરેથી એમ જ કહેલું છે. સર્વ અવસ્થાઓમાં સમ્પૂર્ણ રીતે વિષયોનો ત્યાગ કરવો જોઇએ એમ દર્શાવવા ઋષભદેવ યોગમાં પ્રવીણ હોવા છતાં તેમણે યોગની સિદ્ધિઓની દરકાર કરી ન હતી (ગદ્ય ૩૫). વિષયો સર્વ અવસ્થાઓમાં તજવા યોગ્ય હોવાથી જ તેમણે તે સિદ્ધિઓની દરકાર કરી ન હતી (૫૮-૫૮।।) **(ક્રમશઃ)**

।। जलभेदः ।।

टिका : गोस्वामी श्रीनृसिंहलालजी महाराजकृत



ગતાંકથી આગળ...

समुद्रमें भी क्षार ओर मिष्ट दो भेद हें तासूं स्वरूपभेद ओर ज्ञानभेद करिकें विलक्षण एसे पूर्ण भाववारेन्को निरूपण अब करत हें :

लोक–वेद–गुणैर् मिश्र–भावेनैके हरेर् गुणान् ।।१५।।
वर्णयन्ति समुद्रास् ते क्षाराद्याः षट् प्रकीर्तिताः ।।

एके = कितनेक, लोकवेदगुणः = लोक ओर वेद के गुणनसूं (किंच = ओर), वर्णयन्ति = वर्णन करे हें, मिश्रभावेन = मिश्रभावसूं, ते = वे, क्षाराद्याः = खारे आदि, हरेः = हरिके, षट् = छे, समुद्राः = समुद्र, गुणान् = गुणन्को, प्रकीर्तिताः = कहे जाय हें

भावार्थ : कितनेक वक्ता लोकमिश्रभावसूं, वेदमिश्रभावसूं ओर गुणमिश्रभावसूं प्रभुके गुणन्को वर्णन करे हें। वे क्षारादि षट्समुद्रके तुल्य हें।

टीका : इतने रामकृष्णादि मनुष्य हें परन्तु विनमें बलादि बहोत हे तासूं मनुष्यसूं अधिक मान्ये जाय हें एसें जानिके प्रभुको वर्णन करिवेवारन्को भाव क्षारसमुद्रके जलकी तुल्य समजनो। क्षारजल जेसें तृषानिवृत्ति, तृप्ति प्रभृति सुखदानमें अनुपयोगि होवे हे तेसें पूर्वोक्त वक्तान्को भावहु समजनो। एसें ही भगवान् वैराग्यपूर्ण होयवेसू कोईकी पाससूं कछु ग्रहण नाहिं करे हें ओर इच्छाहु नाहिं करे हें, मनुष्य पवित्र होयवेकेलिये भगवान्कुं भजे एसो विधि होयवेसूं लौकिक स्वार्थकेलिये भजन, स्तुति, अर्पण प्रभृति करे हें एसें जानिके वर्णन करिवेवारेन्को भाव क्षारोदके जलकी तुल्य अग्राह्य जेसो हे।

कितनेक "सो हाथवारे श्रीकृष्णने वराहरूप धरिकें तुम्हारो उद्धार कियो हे" इत्यादि वाक्यन्को आश्रय करिकें जगत्कर्ताहि विविध शरीरन्में प्रवेशकरिकें कार्य करे हे ओर कार्य करिके वा शरीरकुं छोड देय हे एसें जानिके हरिके गुणको गान करे हें उनको भाव दधिमण्डोदतुल्य हे। इतनें दधिमण्ड साररहित होयवेसूं पोषण करिवेमें निरूपयोगी हे तेसें विनको भाव हु समजनो। एसेंही भगवान् चिद्रूप विज्ञानपूर्ण सर्वसम ओर मोक्षकेलिये सेवनकरिवेयोग्य हें एसें जानिके वर्णनकरिवेवारेन्को भावहु दधिमण्डोदतुल्य हे।

मायाके गुणकरिकेंहि प्रभुमें कर्तापनो हे ता बिना नहिं हे। तासूं मायाके गुणकरिकेंहि हरि सब करे हें एसें जानिके जो भगवद्गुणको वर्णन करे हे ताको भाव सुरोदके जलतुल्य हे। जेसें सुराको स्वभाव विस्मरण करायवेको ओर दोष उत्पन्न करिवेको हे तेसें प्रकृत भाववारेन्को भाव हु समजनो।

प्रभु सबके ईश्वर ओर सर्वकार्य करिवेमें समर्थ हें एसें जानिकें जो प्रभुको वर्णन करे हे ताको भाव क्षीरोदके जल जेसो हे। दूधके गुण सरिखे वा भाववारेके गुण हें।

प्रभु महाबलवत्तर हें तासूं अपने भक्तनकुंहु

बलवारे बनावे हें एसें जानिकें वर्णन करिवेवारेन्को भाव घृतोदके जलकी तुल्य हे। इतने विन भाववारेन्को भाव घृतके समान गुणवारो हे।

प्रभु लक्ष्मीजीके पति हें सेवकन्कुं भोग-मोक्ष देवेवारे हें एसे जानिकें वर्णन करिवेवारेन्को भाव इक्षुरसोद समुद्रके जलकी तुल्य हे। सो इक्षुको रस जेसें मधुर ओर भीतरके तापकुं दूरि करिवेवारो होय हे तेसेंही गुणवारो इनको भावहु होत हे।

ओर शरण आये जीव चाहे जेसें होय तोहु श्रीकृष्ण विनको उद्धार करे ही हें, शरणागतकुं छांडि देत नाहिं हें एसें जानिकें वर्णन करिवेवारेन्को भाव शुद्धोदकके जलकी तुल्य गुणवारो जाननो।

अब पूर्णभगवदीयन्मेंहु जे उत्तम हें तिनकी गणना करत हें :

गुणातीततया शुद्धान् सच्चिदानन्दरूपिणः ।।१६।।
सर्वानेव गुणान् विष्णोर् वर्णयन्ति विचक्षणाः ।
तेऽमृतोदाः समाख्यातास् तद्वाक्पानं सुदुर्लभम् ।।१७।।

ये = जो, विचक्षणाः = बुद्धिमान, गुणातीततया = गुणातीतरूपसू, शुद्धान् = शुद्ध, सच्चिदानन्दरूपिणः = सच्चिदानन्द-स्वरूपवारे, विष्णोः = विष्णुके, सर्वान् = सब, एव = ही, गुणान् = गुणान्को, वर्णयन्ति = वर्णन करे हें, ते = वे, अमृतोदाः = अमृतजल, समाख्याताः = कहे गये हें, तत् = विनकी, वाक्पानं = वाणीको पान, सुदुर्लभम् = अत्यन्त दुर्लभ हे

भावार्थ : जो विचक्षण वक्ता गुणतें पर, तासूं हि सत् चित् ओर आनन्द रूप एसे प्रभुके सर्व गुणन्कों जानिके विन सब भगवद्गुणन्को वर्णन करिवेवारे हें सो अमृतके समुद्रतुल्य हें। तिनकी वाणीको पान (श्रवण) अत्यन्त दुर्लभ हे।

टीका : इतनें "तमुस्तोतारः" एसें वेदके, "जो क्षरसूं पर ओर अक्षरसूं हु उत्तम हे" एसें गीताके, "मेरेमें रह्यो सब निगुर्ण जाननो" एसें श्रीभागवतके ओर "लोककीं नांइ लीला मोक्षरूप हे" एसे व्याससूत्रके वाक्यसूं एसें श्रुति, स्मृति, पुराण ओर न्याय करिकें प्रभुके नाम, रूप ओर धर्मन् को निर्गुणपनेको निश्चय करिकें भगवन्नाम सच्चिदानन्दात्मक हे, भगवान् अक्षरातीत पुरुषोत्तम हें, ताकी सब सामग्री निर्गुण हे, ताकी लीला हू फलरूपा हे, स्मरण करिवेसूं मोक्ष देवेवारी हे एसें निरूपण करिकें प्रभुके सर्व गुण- नवनीतचौर्य, वेणुनाद, गावर्द्धनोद्धारण आदिकन्कुंहु गुणातीतपनेसूं जानिकें वर्णन करिवेवारेन्को भाव अमृतके समुद्रतुल्य हे। वे भगवत्कृत् चौर्यादिक (लीला)न्के कारणकुं जानिवेवारे हें तासूं मूलमें 'विचक्षण' कहे हें। तिनको वाक्पान इतने वाणिको मनमें धारण करनो तथा उपदेश ग्रहण करनो ओर ताको आदरपूर्वक श्रवण करनो सो बहोत दुर्लभ हे। तासूं हि नामके स्वरूप जानिवेकेलिये एसे गुरून् (उपदेशकन्के)के शरणमें जायवेकी वेदादिकमें आज्ञा करी हे। ता बिना स्वतः प्राप्तकिये एसे ज्ञान-कर्मादिककुं व्यर्थ कह्यो हे। गुरूपसत्तिपूर्वक भगवद्उपदेश ग्रहण करिकें प्रभुमें पुरुषोत्तमपनेको ज्ञान होय तबही सर्वज्ञता होय। सो बात गीताजीमें आपनेहि कही हे "जो विचक्षण मोकुं पुरुषोत्तम जाने हे सो सब जानिवेवारो सर्वभावकरिकें मेरी सेवा करे हे"। ता प्रमाण पूर्वोक्त भक्तहु प्रभुको भजवेवारो होय हे।।१७।।

अब वे विचक्षण भक्तन्की वाणीकी महिमाकुं कहत हें :

तादृशानां क्वचिद् वाक्यं दूतानामिव वर्णितम् ।
अजामिलाकर्णनवद् बिन्दुपानं प्रकीर्तितम् ।।१८।।
रागाज्ञानादिभावानां सर्वथा नाशनं यदा ।
तदा लेहनम् इत्युक्तं स्वानन्दोद्गमकारणम् ।।१९।।

तादृशानां = एसेन्के, वाक्यं = वाक्यन्कुं,

क्वचित् = कभी, दूतानां = सन्देशवाहककी, इव = जेसे, वर्णितकियो हे, (तथा = ओर) अजामिलाकर्णनवत् = अजामिलने सुन्यो वा तरेहसूं (तच्छ्रवणमपि = वाको श्रवण भी) बिन्दुपानं = बिन्दुपानके समान, प्रकीर्तितं = कहे गये हें, यदा = जब, रागाज्ञानादिभावानां = राग, अज्ञान आदि भावन्को, सर्वथा = सब तरेहसूं, नाशनं = नाश, तदा = तब (तद्वाक्पानं = उनकी वाणीको पान) स्वानन्दोद्गमकारणं = अपने आनन्दके उद्गमको कारणरूप बने हे, (इति हेतोः = तासों) लेहनं = चाटनो, इति उक्तं (भवति) = एसे कह्यो जाय हे

भावार्थ : एसे भगवदीयन्की प्रसन्नतायुक्त जो आज्ञा हे सो भगवान्के दूतकी आज्ञाके समान कही हे। इनके वाक्यको श्रवण अमृतबिन्दुके समान हे। जेसें अजामिलने भगवद्दूतन्के वाक्यको श्रवण कियो हतो ताकीसी नांई विनके वाक्यको श्रवण अमृतबिंदुके पानकी तुल्य हे। ओर राग (विषयादिकमें प्रीति) ओर अज्ञानादिक भावको जब नाश होय तब स्वरूपानन्दकुं प्रकट करे हे। ताको नाम 'लेहन' कह्यो हे।

टीका : इतनें पूर्वश्लोकमें कहे पूर्णभगवदीय कृपाकरिकें विना आग्रहसूं कहत हें सो वाक्य प्रभुकोहि समजनो। जेसें राजा चाकरद्वारा आज्ञा करे हे तेसें प्रभुहु भगवदीयद्वारा उपदेश करत हें। दूत जेसे राजाके गुणवर्णनमें शमित नहीं होय हे तेसें भगवदीयनकुंहु प्रभुके गुणवर्णनमें शमा नहीं होय हे। तासूं, प्रभुकी कृपा ओर भविष्यमें फल मिलवेको योग होय तबही एसे भगवदीयन्को समागम होय हे। तासूंहि तिनके मुखसूं उपदेश प्राप्त होनो, श्लोकमात्रको श्रवण करनो, शिक्षा सुननी सो अमृतबिन्दुके पानरूप ओर अजामिलके श्रवणकी तुल्य हे। जेसें अजामिलने दूतन्के मुखसूं भगवद्धर्मके बलको श्रवण कियो ता पीछे वाकुं नरकको सम्बन्ध छूटिकें भगवद्धर्मके श्रवणतें उत्तमफलकी प्राप्ति भई तेसें अमृतबिन्दुको पान करिवेवारेनकुंहु उत्तमफलकी प्राप्ति होयवेको सूचन या दृष्टान्तसूं होय हे।

या बिन्दुपानसूं अधिक रसास्वाद हे सो कहत हें जो राग (गृहादिमें स्नेह) ओर अज्ञान (भगवत्स्वरूपकुं नहिं पहेचाननो अथवा अविद्या) आदि ओर शोक मोहादिक को जब नाश होय जाय; इतनें जब रागादिककी वासनाहु न रहे, तब रसास्वाद होय हे। इतनें पूर्व कह्यो बिन्दुपान जब रागादिककी अस्फूर्तिसूं कियो जाय ताकुं लेहन (चाटनो) कह्यो हे। सो जीवकुं भगवदानन्दको अनुभव करायवेवारो हे। जब श्रवणादिकमें व्यसन होय जाय तब जो कथारसको आस्वाद अनुभवमें आवे हे सो अमृतरूप होय हे. तबही जीवमें जो आनन्दको तिरोभाव भयो हे ताको आविर्भाव होय हे ओर प्रभुमें क्रमसूं प्रेम, आसक्ति ओर व्यसन होयवेसूं प्रपञ्चकी विस्मृति होयकें जीव कृतकृत्य होय हे। सो बात श्रीभागवत्के ११वें स्कन्धमें ''भक्तिं लब्धवतः साधो किमन्यद् अवशिष्यते'' या श्लोकसूं ओर श्रीमहाप्रभुजीने स्वकृत 'भक्तिवर्द्धिनी'नामक ग्रन्थमें ''स्नेहाद् रागविनाशः स्याद्'' या श्लोकसूं कही हे. ता प्रमाण जीवकुं भक्तिको पूर्णफल तब (व्यसन होयवेसूं ही) प्राप्त होय
हे।१८-१९।।

अब बीसवें भावको निरूपण करत हें :

उद्धृतोदकवत् सर्वे पतितोदकवत् तथा।
उक्तातिरिक्त-वाक्यानि फलं चाऽपि तथा ततः।।२०।।

उक्तातिरिक्तवाक्यानि = कहे भयेवचनन्सूं अलग वाक्यें, तथा = ओर, सर्वे = सब, उद्धृतोदकवत् = बहार निकास्ये भये जलकी तरेह (च=ओर), पतितोदकवत् = पड़े जलकी तरेह, (तेषां = विनको) फलं = फल, अपि = भी, ततः = वासूं, तथा = वेसो

भावार्थ : पूर्वमें कहे भये भावन्सूं युक्त वाक्य अथवा उनके कहवेवारे वक्ता ये सब पात्रमें निकासे अथवा धरतीमें पडे जलकी तरह हें। अर्थात् निकास्यो जल जेसे पात्रके अनुसार होय जाय हे एसेंही उनको भावहु उनके अनुसार होय हे। ओर एसे वाक्य अथवा भावन्को फलहु वेसोही अर्थात् अल्प ही होय हे।

टीका : पूर्व कह्यो जो अमृतोदतुल्य भाववारे हें विनकुं छोड़िकें ओर भाववारेन्के भाव विनकी अप्रत्यक्ष दशामें उद्धृतोदककी तुल्य फलकुं सिद्धकरे हें। ओर विन भाववारेन्के वाक्य उपरसूं गिरे जलकी बरोबर फलकुं सिद्ध करिवेवारे हें। जेसें कूप प्रभृतिन्मेंसूं ग्रहण कियो जल जा स्थानसूं आयो होय वा स्थानके गुणके तुल्य गुणवारो होय हे। अमृत तो सर्वदा एकरस हे तासूं वाकु छांड़िकें ओर भाववारेन्की अप्रत्यक्ष दशामें वे भाव उद्धृतोदक (कूवादिकन्मेंसूं लायो भयो जल) तुल्य गुणवारो होय हे एसें कह्यो हे ।।२० ।।

अब ग्रन्थकी समाप्ति करे हें :

इति जीवेन्द्रियगता नाना-भावं-गता भुवि ।।
रूपतः फलतश्चैव गुणा विष्णोर् निरूपिताः ।।२१ ।।

इति = या तरेहसूं, रूपतः = रूपसूं, फलतः = फलसूं, एव = भी, भुवि = पृथिवपे, नानाभावंगताः = अनेक भावन्कुं प्राप्तभये एसे, जीवेन्द्रियगताः = जीवन्की इन्द्रियन्में रहे भये, विष्णोः = विष्णुके, गुणाः = गुण, निरूपिताः = निरूपित किये

भावार्थ : या तरेहसूं स्वरूप ओर फल करिके पृथ्वीमें अनेक भावन्कुं प्राप्त भये तथा जीवन्के मनमें रहिवेवारे जो श्रीहरिके गुण हें सो हमने कहे।

टीका : या प्रकार जीव ओर इन्द्रिय में आयके पृथ्विमें अनेकविध भावरूप भये एसे विष्णु (भगवान्)के गुणन्को स्वरूप ओर फल सूं निरूपण कियो एसें श्रीमहाप्रभुजी आज्ञा करे हें। सो जलके भेद श्रुतिमें जो कहे हें ता प्रमाण गुणके भेदको या ग्रन्थमें वर्णन होयवेसूं याको 'जलभेद' नाम हे।

।। इति श्रीमद्वल्लाभाचार्यजी विरचित जलभेद ग्रन्थकी
गोस्वामि श्रीनृसिंहलालजी महाराज विरचित
व्रजभाषा भावार्थटीका समाप्त भई ।।



પુષ્ટિચિન્તન

ડો. જયેન્દ્ર સોની



(ગતાંકથી આગળ...)

વાસ્તવિકતાનો વિચાર

કયારેક ઘણાને થાય કે જ્યારે અમે પોતે પુષ્ટિ સંપ્રદાય વિશે અપૂરતું જ્ઞાન ધરાવીએ છીએ તો અમે અમારા બાળકોને કઇ રીતે દિશા બતાવી શકીએ? આમાં સવાલ આપણી અજ્ઞાનતાનો નથી, આપણી જીજ્ઞાસાનો છે. આપણી નિષ્ઠાનો છે. આ વિશે પહેલાંથી વિશેષ સુવિધાઓ આજે ઉપલબ્ધ છે.

આજે યુગા ગોસ્વામી આચાર્યોમાં પણ આ દિશામાં ખૂબજ ઉત્સાહ પ્રવર્તે છે. અનેક પ્રકારના કાર્યક્રમો દ્વારા તેઓ પણ આવી પ્રવૃત્તિઓને વેગ આપવા તત્પર હોય છે. તેઓ તરફથી પણ ખૂબ સારું માર્ગદર્શન પ્રાપ્ત થઇ શકે છે. આમ મૂળભુત સવાલ વ્યવસ્થાનો નથી. કહેવત છે ને કે મન હોય તો માળવે જવાય. મુખ્ય સવાલ આપણી કટીબદ્ધતાનો છે, આપણી તત્પરતાનો છે, આપણી પોતાની આસ્થાનો છે.

આપણે ખરેખર જો વિચારતા હોઇએ કે આપણે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં દૃઢવિશ્વાસ રાખવાના કારણે બ્રહ્મસંબંધ લઇ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બન્યા છીએ, આપણે હવે આપશ્રીના આદર્શોને અનુરૂપ જીવન પદ્ધતિ અપનાવવી છે અને એવા જ સંસ્કાર આપણે આપણા બાળકોમાં રેડવા છે, તો તે માટે આપણે કટીબદ્ધ થવાનું છે. આપણે આપણાં જ ઘરમાં આપણા બાળકો માટે પાઠશાલા ઉભી કરવાની છે. અર્થાત્ પાયાનું શિક્ષણ આપણે સ્વયં તેને આપવાનું છે. આપણે સ્વયં સમર્પિત બની સંપ્રદાયની એક અનોખી સેવા તરીકે આપણા પોતાના બાળકોને આવતી કાલના ભાવિક નિષ્ઠાવાન વલ્લભીય વૈષ્ણવ બનાવવાના છે. આ વિશે આપણે અંતઃકરણપૂર્વક ચિન્તન કરીએ. આ વાત આપણે આવતીકાલ માટે ન છોડીએ. આજે જ તે માટે સંકલ્પિત થઇએ.

'બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદ પદ્મમ્ પ્રસીદતુ'

સ્વધર્માચરણ (કેટલું સંભવ-અસંભવ)

'સ્વધર્મનું આચરણ શક્તિ મુજબ કરવું' - શ્રીમહાપ્રભુજી . મનુષ્ય ભગવદીય હોય એટલા માત્રથી જ એના ગૃહવાસને ઉત્તમ માની ન શકાય. એ જો ભગવાનની સાથે (ભગવાનને પધરાવીને) ગૃહમાં વાસ કરે અથવા જો ભગવાનના કાર્ય માટે (ભગવત્સેવા કરવાના હેતુથી) ગૃહમાં નિવાસ કરે તો તેનો ગૃહવાસ ઉત્તમ છે. અન્યથા ગૃહસ્થિતિ યોગ્ય નથી જ.

શ્રીહરિરાયજી કૃત શિક્ષાપત્ર વૈષ્ણવો માટે સદાચાર ગ્રંથ છે, જેમાં આચાર વિચાર અને વ્યવહારનું વિશ્લેષણ કરતાં શ્રીહરિરાય મહાપ્રભુએ વૈષ્ણવી જીવનમાં સ્વધર્મના કર્તવ્ય

પાલનનું મહત્વ વિસ્તારપૂર્વક વર્ણવ્યું છે. શ્રીમદાચાર્યચરણ નિબંધમાં સ્વધર્મના પાલન માટે આજ્ઞા કરતાં કહે છે – **'સ્વધર્માચરણં શક્ત્યા'** – શક્તિ મુજબ સ્વધર્મનું આચરણ આવશ્યક છે. ચતુર્વિધ પુરૂષાર્થોમાં પુષ્ટિમાર્ગીય ધર્મ પુરૂષાર્થ સમજાવતાં મહાપ્રભુજીશ્રી ચતુઃશ્લોકી ગ્રંથમાં આજ્ઞા કરે છે,**'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્ય ક્વાપિ કદચન'** અર્થાત્ નિરતંર સર્વભાવ વડે વ્રજાધિપ શ્રીકૃષ્ણનું સેવન એ જ એક માત્ર પુષ્ટિમાર્ગીય જીવોને માટે ધર્મ છે, કોઇપણ કાલમાં અથવા સ્થળે તે સિવાય અન્ય ધર્મ નથી. વળી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથમાં પુનઃ ટકોર કરતાં આપશ્રી આજ્ઞા કરે છે : **'કૃષ્ણ સેવા સદા કાર્યા.'**

શ્રીવલ્લભાચાર્યજીએ વેદના પૂર્વકાન્ડમાં નિર્દિષ્ટ યજ્ઞરૂપ શ્રીહરિના સ્વરૂપનો નિબંધમાં સ્વીકાર કરી સ્પષ્ટતા કરતાં કહ્યું છે કે 'યાવજ્જીતં અગ્નિ હોત્ર જુહુયાત્' અર્થાત્ જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી પ્રત્યેક મનુષ્યે અગ્નિ હોત્ર કરવું આવશ્યક છે. આપશ્રીએ વેદની આ આજ્ઞાને પરિપૂર્ણ કરવા ભગવત્સેવાનો વિકલ્પ નિર્દેશ કર્યો છે. જેમને અગ્નિ હોત્રની પરંપરા પ્રાપ્ત નથી તેમને માટે ભગવત્સેવા અને સ્મરણનું વિધાન વેદ સમ્મત છે. માટે પ્રત્યેક વૈષ્ણવે પોતાના ઘરમાં પ્રભુસેવા અને કથા શ્રવણ તેમજ ઉપદેશને માટે સમિત્પાણિ થઇ ગુરૂ સન્મુખ થવું તે વેદનું વિધાન છે. આ પ્રકારે સેવારૂપી બ્રહ્મયજ્ઞના અનુષ્ઠાન એવં દેહ ધર્મ તથા લોકધર્મની રક્ષા માટે દ્રવ્યની શુદ્ધિ સર્વ વસ્તુ શ્રીપ્રભુને સમર્પણ કરવાથી જ થાય છે, જે અન્યથા સંભવ નથી. આથી શ્રીમહાપ્રભુજી સિદ્ધાંતરહસ્ય ગ્રંથમાં બ્રહ્મસંબંધનું હાર્દ સમજાવતાં કહે છેઃ **'બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ સર્વ દોષ નિવૃત્તિઃ'** અને આગળ આજ્ઞા કરે છે – **'અસમર્પિત વસ્તુનાં તસ્માત્ વર્જનમાચરેત, નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ'** અર્થાત્ નિવેદિત ન થયેલ વસ્તુઓનો ત્યાગ અને સમર્પણ કરેલ વસ્તુઓ દ્વારા જીવન નિર્વાહનો અહિં નિર્દેશ કર્યો છે. બ્રહ્મસંબંધ દિક્ષા પ્રાપ્ત કરતાં જ્યારે ભગવાન સાથે જીવનો સ્વામી સેવકનો સંબંધ, લૌકિકમાં સ્ત્રીના તેના પતિ સાથેના લગ્ન થયે સ્થાપિત થતો સંબંધ જેવો થાય છે ત્યારે ભગવત્સેવા એ વૈષ્ણવી જીવનનું અભિન્ન અંગ બની જાય છે. આત્મ નિવેદન કર્યા પછી વૈષ્ણવનું જીવન પ્રભુના સુખ માટે જ અનિવાર્ય બની જાય છે. હવે તે પોતાની કહેવાતી સંપત્તિનો માલિક રહેતો નથી, પરંતુ તેનો માત્ર ટ્રસ્ટી બની તેનો ઉપયોગ ભગવદ્ સુખાર્થે કરવાનો રહે છે. પોતાનો જીવન વ્યવહાર યથાવત્ રહે છે. પોતાની પ્રવૃત્તિઓ બદલાતી નથી. પરંતુ મનની વૃત્તિઓ બદલાય છે. પોતાના ઇષ્ટને, પ્રભુને, જેણે જીવન આપ્યું છે, તેને માટે, તેને કેન્દ્રમાં રાખી સર્વ કાર્ય કરવા તે જીવ માટે અનિવાર્ય બને છે. માટે જ ભક્ત કવિ દયારામભાઇ કહે છે –

'સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને સેં ન સમર્પે,
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપે,
ડરપે છે કાળની ઉચાટે, તે પરનું માન્યું પોતાના માટે,
જેથી બંધાયો તે વસ્તુ દે મુકી, તારી મા જાણીશ. એ રાહ ચુકી,
'સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.' **(ક્રમશઃ)**



શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્

(શ્રીરઘુનાથજી કૃત 'નામચન્દ્રિકા' ટીકાસાથે)

સંકલન : વિમલ ભટ્ટ



ગતાંકથી આગળ...

।। અથ પઞ્ચમસ્કન્ધનામાનિ ।।

... સ્થિતિલીલાબ્ધિઃઅચ્યુતોવિજયપ્રદઃ ।।૬૫।।

સ્થિતિલીલાબ્ધિઃ ।।૩૦૧।।

સ્થિતિ લીલાના સાગર.

તૃતીય સ્કન્ધસ્થ સર્ગલીલાનાં નામો કહ્યાં, ચતુર્થ સ્કન્ધસ્થ વિસર્ગલીલાનાં નામો જણાવ્યાં અને હવે પઞ્ચમ સ્કન્ધનીય સ્થિતિ લીલાનાં નામો દર્શાવે છે. ભાગવત ૨।૧૦ માં કહે છે કે **'સ્થિતિઃવૈકુણ્ઠવિજયઃ'** સરજેલા પદાર્થોને મર્યાદામાં નિયમમાં રાખવાથી જે વૈકુણ્ઠભગવાન્નો વિજય-મહિમા, તેને સ્થિતિ અથવા સ્થાન કહે છે. તેવી સ્થાન રૂપ લીલાના સમુદ્ર-સાગર આપ શ્રીકૃષ્ણ છે.

અચ્યુતઃ ।।૩૦૨।।

ચલાયમાન થાય નહિ તેવા.

બલ આદિથી પણ જે કોઈ દિવસ ચલાયમાન થાય નહિ તેવા શ્રીકૃષ્ણચન્દ્ર. મહાભારતમાં કહે છે કે **''યસ્માદ્અચ્યુત પૂર્વો અહમ્ અચ્યુતઃ તેન કર્મણા''** પ્રથમ કોઈ પણ વખત હું ચલાયમાન થયો નથી તેથી મને અચ્યુત કહે છે. તેમ મન્ત્રવર્ણમાં **''શાશ્વતં શિવમચ્યુત''**. ''પરમાત્મા નિત્ય-અચ્યુત છે, કલ્યાણકારકછે'' કોઈ પણ કાલમાં પ્રભુ પોતાના સ્વરૂપથી ચલાયમાન થતા જ નથી માટે તેમને અચ્યુત કહે છે.

વિજયપ્રદઃ ।।૩૦૩।।

વિશેષ જય આપનાર.

સંસાર સિંધુથી વિજય પ્રાપ્ત કરાવનાર પોતે પ્રભુ છે. ભગવાન્નું સ્મરણ કરનાર ભગવદીયજન સંસારસાગરથી તરી જઈ, જન્મ-મરણથી રહિત બની, પ્રભુપદને પ્રાપ્ત કરે છે. એને સંસારથી વિજય મેળવ્યો કહેવાય છે. એવો વિજય આપનાર શ્રીકૃષ્ણ છે.

સ્વસામર્થ્યપ્રદો ભક્તકીર્તિહેતુરધોક્ષજઃ ।
